તા. ૨૭.૦૫.૨૦૨૪

સંદેશ. પાના નં. ૦૩.

# શહેરમાં મેટ્રોની સુવિધા માટે ફીડર બસ સેવા શરૂ કરાશે

અમદાવાદ : અમદાવાદમાં વિવિધ વિસ્તારોમાં રહેતા નાગરિકોને મેટ્રો ટ્રેનની સુવિધાનો લાભ મળી શકે તે હેતુસર મેટ્રો સ્ટેશન સુધી અવર જવર કરી સખાય તે માટે ફીડર બસ સેવા ટૂંક સમયમાં શરૂ કરાશે અને તે માટે સર્વે હાથ ધરવામાં આવ્યો છે. શહેરમાં થલતેજથી વસ્ત્રાલ અને વાસણાથી મોટેરા સુધી મેટ્રો રેલવે શરૂ કરાઈ છે. બોપલ, ચીલોડા કે અન્ય સ્થળે રહેતા નાગરિકોને મેટ્રો ટ્રેનની સેવાનો લાભ મળી શકે તે માટે જુદા જુદા વિસ્તારોને સાંકળી લેવા માટે AMTSની ફીડર બસ સેવા શરૂ કરવાનો સ્ટેન્ડિંગ કમિટીમાં નિર્ણય લેવાયો છે. તા. ૩૧ જુલાઈ સુધીમાં ૧૫૦ બસ શહેરમાં દોડાવવાનું આયોજન કરાયું છે અને તા. ૩૦ જૂન સુધીમાં ૨૦ બસ આવી જશે.